રજૂ તારીખ : ૧૨/૧૧/૨૦૧૩

દાખલ તારીખ : ૧૨/૧૧/૨૦૧૩

નિકાલ તારીખ : ૨૦/૦૧/૨૦૨૫

સમયગાળો : વર્ષ માસ દિવસ

૧૧ ૦૨ ૦૮

ભાવનગરના ન્યાયાધીશ (એસ.ડી.), શ્રમ અદાલત નં.૧ તે
કમિશ્નર, કર્મચારી વળતર અધિનીયમ સમક્ષ, મુ.ભાવનગર

વર્કમેન કોમ્પેન્સેશન (નો.ફેટલ) કેસ નં. ૨૧/૨૦૧૩

આંક :

શ્રી કૌશલ રામબાબુ યાદવ
મજદુર અધિકાર સંઘ
રૂવાપરીરોડ, વેલો ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં,
જુની પોલીસ ગેટની સામે, ભાવનગર. ...અરજદાર

વિરૂઘ્ઘ

(૧) ડાયરેકટર સાહેબ,
ભાવનગર એનર્જી કંપની લીમીટેડ,
મુ.પડવા, તા.ઘોઘા, જી.ભાવનગર.

(૨) સાપુરજી પાલોનજી એન્ડ કં.લી.
૮/૦. બી.ઈ.સી.એલ. પ્રોજેકટ,
મુ.પડવા, તા.ઘોઘા, જી.ભાવનગર.

(૩) ક્રાઉન ઈન્ટરનેશનલ પ્રા.લી.
૮/૦. બી.ઈ.સી.એલ. પ્રોજેકટ,
મુ.પડવા, તા.ઘોઘા, જી.ભાવનગર.

(૪) ધ ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કં.લી.
માધવદીપ, કાળાનાળા, ભાવનગર. ...સામાવાળા

અરજદાર તરફે	:	યુનિયન પ્રતિનીધી શ્રી એ.આર.ચૌહાણ
સામાવાળા નં.૧ અને ર તરફે	:	વિ.વ.શ્રી પી.એ.શાહ
સામાવાળા નં.૩ તરફે	:	----
સામાવાળા નં.૪ તરફે	:	વિ.વ.શ્રી કે.એમ.ગાંધી

કર્મચારી વળતર અધિનિયમ હેઠળ વળતરની રકમ વ્યાજ, પેનલ્ટી સહિત મેળવવા બાબતની અરજી.

ચુકાદો

(૧) આ અરજી અરજદારે કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ ની જોગવાઈ અન્વયે ચાલુ ફરજના કાળ અને ક્રમ દરમ્યાન થયેલ અકસ્માતમાં થયેલ ઈજાનુ વળતર મેળવવા દાખલ કરેલ છે. અરજી અનુસાર સામાવાળા નં.૧ મુખ્ય માલીક, સામાવાળા નં.ર સામાવાળા નં.૧ ના લેબર કોન્ટ્રાકટર, સામાવાળા નં. ૩ સામાવાળા નં.ર ના પેટા કોન્ટ્રાકટર તથા સામાવાળા નં.૪ વિમા કંપની છે.

(ર) અરજીની ટુંક હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા નં.૩ સંસ્થામાં તા.૧૪/ર/ર૦૧૩ થી રીગર તરીકે કામ કરતા હતા અને સામાવાળા નં.૩ અરજદારને માસિક રૂા.૧૩,૦૦૦/- પગાર રજીસ્ટરમાં સહી લઈ ચુકવતા હતા. વધુમાં અરજીમાં જણાવેલ છે કે ફરજના કાળ અને ક્રમ દરમ્યાન અરજદાર ને તા.૧૯/ર/ર૦૧૩ ના રોજ સવારના ૧૧:૩૦ કલાકે અકસ્માત થયેલો. અકસ્માતમાં બૃંચ મશીનની ગડેરી ફેઈલ થતા લોખંડની પ્લેટ છટકીને અરજદારના ડાબા પગના ઘુંટણ ઉપર પડતા ગંભીર ઈજા થયેલ.

(૩) વધુમાં અરજીમાં જણાવેલ છે કે, અરજદારને સામાવાળા નં.૩ નાએ સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરેલ અને ત્યાંના ડોકટરે અરજદારનુ ઓપરેશન કરેલ. બાદ અરજદારને આગળ સારવારની જરૂરીયાત હોવાથી અરજદારે ડો.વિશાલ મેહતા પાસે સારવાર લીધેલી અને ડોકટર શ્રીએ અરજદારને ૧૫% કાયમી ખોડ નું સર્ટીફીકેટ આપેલ છે.

(૪) વધુમાં અરજીમાં જણાવેલ છે કે અરજદાર અને સામાવાળા વચ્ચે કર્મચારી– માલીકના સંબંધો હોઈ, અરજદાર કર્મચારી વળતર ધારામાં આવતા કર્મચારી છે. અકસ્માતની સામાવાળાને જાણકારી હોઈ કાયદાની જોગવાઈ પ્રમાણેસામાવાળા ને નોટીસ આપવાની જરૂર રહેતી નથી. સામાવાળા નં.૧ મુખ્ય માલીક, સામાવાળા નં.ર સામાવાળા નં.૧ ના લેબર કોન્ટ્રાકટર, સામાવાળા નં. ૩ સામાવાળા નં.ર ના પેટા કોન્ટ્રાકટર તથા સામાવાળા નં.૪ વિમાકંપની હોઈ પક્ષકાર તરીકે દાખલ કરેલ છે.

(૫) વધુમાં અરજીમાં જણાવેલ છે કે અરજદારને અકસ્માત થયો ત્યારે અરજદારની ઉંમર ર૪ વર્ષ હતી અને અરજદારનો માસિક પગાર રૂા.૧૩,૦૦૦/– હતો. કર્મચારી વળતર ધારા પ્રમાણ અકસ્માત વળતરની રકમ રૂા.ર,૭ર,૬૫૦/– અરજદારને અકસ્માત તારીખથી દિવસ ૩૦ માં ચુકવેલ નથી. આથી અકસ્માત વળતરની સદરહુ રકમ ૫૦% પેનલ્ટી તથા ૧૮% વ્યાજ સહિત સામાવાળા પાસેથી વસુલ મેળવવા અરજદાર હકકદાર છે.

(૬) અરજીથી અરજદારે દાદ માંગેલ છે કે સામાવાળા અકસ્માત વળતરની રકમ રૂા.ર૭ર,૬૫૦/– (બે લાખ બઉંતેર હજાર છસ્સો પચ્ચાસ) અકસ્માતની તારીખથી વસુલ આપતા સુધી ૫૦% પેનલ્ટી તથા ૧૮% ચડતા વ્યાજ સહિત ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે તેમજ અરજીનુ ખર્ચ સામાવાળા ચુકવી આપે તેવી વિનંતી કરેલ છે.

(૭) સામાવાળા નં.૧ અને ર નાએ આંક ૯ થી જવાબ રજુ કરેલ છે, જેમાં જણાવેલ છે કે સામાવાળા નં.૧ પ્રીન્સીપલ એમ્પ્લોયર છે, સામાવાળા નં.ર સામાવાળા નં. ૧ ના રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળા નં.ર કોઈ પણ પેટા કોન્ટ્રાકટરની નિમણુંક કરે તો અથવા પેટા કોન્ટ્રાકટરને કોઈ પણ કામ કરવાનો કોન્ટ્રાકટ આપે તો પણ સામાવાળા નં.૧ અને ર નાએ કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ મુજબ સામાવાળા નં.૪ પાસે વિમો ઉતરાવેલ છે જેથી

વળતરની રકમ ચુકવવા માટે વિમાકંપની જવાબદાર હોઈ તેને પક્ષકાર તરીકે દાખલ કરવામાં આવે તો કાયદાની પ્રક્રિયા પુર્ણ થઈ ગણાય.

(૮) વધુમાં જવાબમાં જણાવેલ છે કે અરજદાર તા.૧૪/૨/૨૦૧૩ થી રીગર તરીકે કામ કરતા હતા તે હકીકત ખરી છે પરંતુ અરજદારને માસિક રૂા.૮૦૦૦/– પગાર ચુકવવામાં આવતો હતો. કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ અમેન્ડમેન્ટ તા.૧૮/૧૦/૨૦૧૦ ની જોગવાઈ મુજબ કોઈ પણ કર્મચારીની આવક રજીસ્ટર પુરાવા રૂપે ગમે તેટલી દર્શાવેલ હોય પરંતુ માસિક આવક રૂા.૮૦૦૦/– લક્ષ્યમાં લેવામાં આવે છે તેવી કાયદામાં જોગવાઈ છે. જવાબમાં એમ પણ જણાવેલ છે કે તા.૧૯/૨/૨૦૧૩ ના રોજ અકસ્માત થયા બાદ અરજદાર ને ભાવનગર મુકામે સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ અને અરજદારનુ સારવારનુ બિલ રૂા.૯૯,૨૬૨/– સામાવાળા નં.૨ નાએ ચુકવેલ છે. આ ઉપરાંત અરજદારને વધુ સારવાર માટે સ્ટર્લીંગ હોસ્પીટલ ભાવનગરનુ અરજદારનુ સારવારનુ બિલ રૂા.૯૨,૫૭૪/– સામાવાળા નં.૨ નાએ ચુકવેલ છે. અરજદારને ૧૬% કાયમી ખોડ આવેલ છે જે નિ.૪/૧ થી અરજદારે રજુ કરેલ છે. વધુમાં એમ પણ જણાવેલ છે કે કર્મચારી વળતર અધિનિયમ મુજબ અરજદારનો માસિક પગાર રૂા.૮૦૦૦/– ધ્યાને લેવાનો રહે છે જેથી તેના ૬૦% એટલે કે રૂા.૪૮૦૦/–, ઉંમર વર્ષ ૨૪, રીલેવન્ટ ફેકટર ૨૧૮.૪૭, કાયમી ખોડ ૧૬% ધ્યાને લેવામાં આવે તો અરજદાર રકમ રૂા.૧૬૭,૭૮૪/– વળતર મેળવવા હકકદાર થાય છે. અરજદારને અકસ્માત થયા બાદ સારવારનો તમામ ખર્ચ સામા.નં. ૨ નાએ ચુકવેલ છે જેથી વ્યાજ–પેનલ્ટીની જવાબદારીસામાવાળા નં.૧ અને ૨ ની થાય નહીં. અરજદાર સામાવાળા નં.૧ અને ૨ પાસેથી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા નથી.

(૯) સામાવાળા નં.૧ અને ૨ નાએ ઉપરોકત મુજબનો જવાબ રજુ કરેલ હોવાથી અરજદારે ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કં.લી. ને પક્ષકાર તરીકે દાખલ કરવા આંક

૧૧ થી અરજી રજુ કરેલ. આંક ૧૧ ની અરજી મંજુર કરવામાં આવતા તે મુજબનો સુધારો આંક ૧ ની અરજીમાં કરવામાં આવેલ અને વિમાકંપની ને સામાવાળા નં.૪ તરીકે દાખલ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૪ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક ૨૩/એ થી જવાબ રજુ કરેલ છે, જેમાં જણાવેલ છે કે અરજદાર કર્મચારી ન હોઈ વિમાકંપની વિરૂધ્ધ સદરહુ કેસ ચાલી શકે નહીં. કલમ ૩ મુજબ માલિકના એપ્લોયમેન્ટમાં કર્મચારીને ઈજા થઈ હોય તો માલીક જવાબદાર બને. અરજદાર સામાવાળા નં.૪ ના એમ્લોયમેન્ટમાં કામ કરતા ન હતા તેથી સામાવાળા નં.૪ ની જવાબદારી કલમ ૩ અન્વયે થતી નથી.

(૧૦) વધુમાં જવાબમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૨ અને ૧ વચ્ચે કરાર થયો છે. અરજદાર કરારના પક્ષકાર નથી, ત્રાહીત વ્યકિત કરારનુ પાલન કરાવી શકે નહીં જેથી કાર્યવાહી ચાલી શકે નહી. થયેલ કરાર મુજબ માત્ર વળતર ચુકવવાની જવાબદારી થાય પરંતુ વ્યાજ પેનલ્ટીની કોઈ શરત નથી. અરજદારે વળતરની રકમ રૂા.૨૭૨,૬૫૦/–ની કોઈ ગણતરી બતાવેલ નથી. અગાઉ એગ્રીમેન્ટ નંબર : ૧૭/૨૦૧૪ થી રકમ રૂા.૯૯,૯૫૨/– જમા કરાવેલ તે અરજદારે લઈ લીધેલ છે, જે રકમ અરજદારે બાદ કરેલ નથી. પોલીસીની શરત મુજબ અરજદારનો વિમો કવર થતો નથી. અગાઉ ભુલથી રકમ એગ્રીમેન્ટથી જમા કરાવેલ તે પરત આપવાની થાય છે. રજુ થયેલ પુરાવા મુજબ અરજદાર અને સામાવાળા નં.૩ વચ્ચે કર્મચારી માલીકના સંબંધ ન હોઈ સામાવાળા નં.૪ ની કોઈ જવાબદારી થાય નહીં. પડેલ પુરાવા પરથી અરજદારનો પગાર દૈનિક રૂા.૨૦૦/– હતો તેવું જણાય છે અને તે રીતે અરજદાર પગાર રૂા.૧૩,૦૦૦/– હોવાનુ ઈરાદાપુર્વક ખોટું જણાવતા હોય તેવું જણાય છે. અરજદારે અરજીમાં કયા સામાવાળા ની સુચનાથી કામ કરતા હતા તે સ્પષ્ટ જણાવેલ નથી. તા.૧૯/૨/૨૦૧૩ ના બનાવની સામાવાળા નં.૪ ને કોઈ માહીતી નથી. અરજદાર સામાવાળા નં.૧ થી

૩ પૈકી કોઈના કર્મચારી નથી જેથી માંગ્યા મુજબની દાદ સામાવાળા નં.૪ પાસેથી મેળવવા અરજદાર હકકદાર ન હોઈ અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૧૧) સામાવાળા નં.૩ ને નોટીસ બજવણી થયેલ છે પરંતુ સામાવાળા નં.૩ નાએ નિયત સમયમર્યાદામાં જવાબ રજુ કરેલ ન હોવાથી અરજદાર તરફે આંક ૨૩ થી રજુ થયેલ અરજી પર કરવામાં આવેલ હુકમ અનુસાર સામાવાળા નં.૩ નો જવાબ રજુ કરવાનો હકક બંધ થયેલ છે.

(૧૨) આંક ૨૪ થી મુદા ઘડવામાં આવતા અરજદારે અરજીની હકીકત પુરવાર કરવા નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

ક્રમ	વિગત	આંક
૧	અરજદારનુ સરતપાસનુ સોગંદનામુ	૨૭
૨	કાયમી ખોડનુ સર્ટીફીકેટ	૪૦
૩	પ્રીસ્ક્રીપસન ની નકલ	૪૧
૪	ડોકટર શ્રીના રીપોર્ટની નકઈ	૪૨
૫	સ્ટીંલીંગ હોસ્પીટલના ડીસ્ચાર્જ કાર્ડની નકલ	૪૩
૬	અરજદારના ઓળખપત્રની નકલ	૪૪
૭	પુરાવો પુરો થયાની પુરસીસ	૩૦

આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે અરજદારે આંક ૨ વાળા લીસ્ટ થી દસ્તાવેજી આધારો રજુ કરેલ છે, જે લીસ્ટ પર આંક આપવા સામે વાંધો નથી તેવો શેરો સામાવાળા તરફેના વકીલ શ્રીએ કરેલ છે. પરંતુ શરતચુકથી દસ્તાવેજોને આંક આપવામાં આવેલ નથી જેથી આ તબકકે નિ.૨/૧ થી ૨/૫ ને અનુક્રમે આંક ૪૦ થી ૪૪ આપવામાં આવેલ છે.

(૧૩) સામાવાળા નં. ૧ અને ૨ના એ આંક ૧૦ ના લીસ્ટથી દસ્તાવેજી આધારો રજુ કરેલ છે, પરંતુ મૌખીક પુરાવો આપેલ નથી અને આંક ૩૨ થી વિશેષ કોઈ લેખીત મૌખીક પુરાવો આપવા માંગતા ન હોઈ પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે. સામાવાળા નં.૩ નાએ કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી અરજદાર તરફે રજુ થયેલ આંક ૩૩ ની અરજી પર કરવામાં આવેલ હુકમ અનુસાર સામાવાળા નં.૩ નો પુરાવો રજુ કરવાનો હકક બંધ થયેલ છે.

(૧૪) સામાવાળા નં.૪ નાએ નીચે મુજબ પુરાવો આપેલ છે

ક્રમ	વિગત	આંક
૧	ડિવિઝલ મેનેજર શ્રી વસંતરાય ગીલાતર નુ સોગંદનામુ	૩૪
૨	સામાવાળા નં.૨ નાએ સામાવાળા નં.૪ ને મુંબઈ ઓફીસે રજુ કરેલ એકસીડન્ટ રીપોર્ટ તથા રજુ કરવામાં આવેલ સાધનીક કાગળો જે મુંબઈ ઓફીસથી મેળવેલ છે તે કુલ્લ પાના ૧૭	૩૧
૩	પુરાવો પુરો થયાની પુરસીસ	૩૯

(૧૫) પક્ષકારો તરફે મૌખીક દલીલ કરવામાં આવેલ છે, સરળતા ખાતર અને પુનરાવર્તન ટાળવાના હેતુસર તેની ચર્ચા કારણો દરમ્યાન કરેલ છે.

(૧૬) આંક ૨૪ થી નીચે મુજબના મુદા આ અરજીના ન્યાયીક નિર્ણય માટે ઘડવામાં આવેલ છે. સદરહુ મુદા સબબ આ અદાલતના તારણ સબંધીત મુદા નીચે દર્શાવ્યા મુજબ છે.

મુદ્દા

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદાર અને સામાવાળા નં.૩ વચ્ચે નોકર–માલીક તરીકેનો સંબંધ હતો?

જવાબ : હકારાત્મક

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદારને અકસ્માત સામાવાળા નં.૩ ને ત્યાં તેની ચાલુ નોકરી અને ફરજ દરમ્યાન થયેલ છે?

જવાબ : હકારાત્મક

૩. અકસ્માત સમયે અરજદારની ઉંમર અને પગાર શું હતો?

જવાબ : ચર્ચા કર્યા અનુસાર

૪. અરજદારને અકસ્માતમાં થયેલ ઈજાને કારણે કેટલી આંશિક ખોડ આવેલ છે?

જવાબ : ૧૬% ડીસએબીલીટી સર્ટીફીકેટ અનુસાર

૫. શું અરજદાર સામાવાળાઓ પાસેથી વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર છે?

જવાબ : હકારાત્મક

૬. શું અરજદાર સામાવાળાઓ પાસેથી વળતરની રકમ ઉપર વ્યાજ અને પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર છે?

જવાબ : હકારાત્મક

૭. શું હુકમ?

જવાબ : આખરી હુકમ મુજબ

ઉપરોકત તારણો સબબના કારણો નીચે મુજબ છે.

કારણો

(૧૭) સૌ પ્રથમ પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલની ચર્ચા કરવામાં આવે તો અરજદાર તરફે પ્રતિનીધીએ દલીલ કરેલ છે કે અકસ્માતની હકીકત બિનતકરારી છે, માત્ર પગાર સબબ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે. સામાવાળા નં.૩

ધ્વારા પગાર અંગે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેથી અરજદારે જણાવેલ પગાર ધ્યાને લેવો જોઈએ. મુળ માલિક સામાવાળા નં.૧ અને ૨ ગણાય જેથી અરજદારના કથન અનુસારનો પગાર ધ્યાને લઈ વળતરની રકમ ૧૨% વ્યાજ તથા પેનલ્ટી સહીત સામાવાળા ચુકવે તેવો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૧૮) સામાવાળા નં.૧ અને ૨ તરફેના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે આંક ૧૨ અનુસાર વિમા કંપનીએ રકમ રૂા.૯૯,૯૫૨/- જમા કરાવેલ છે જે રકમ અરજદારે મેળવેલ છે તેથી વિશેષ કોઈ રકમ મેળવવા અરજદાર હકકદાર નથી. સામાવાળા નં.૩ તરફે દલીલ કરવા કોઈ ઉપસ્થિત રહેલ નથી.

(૧૯) સામાવાળા નં.૪ તરફેના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે અરજદાર સામાવાળા નં. ૩ ના કર્મચારી હોવાનો અરજદારનો કેસ છે, ઓળખપત્રમાં સામાવાળા નં.૩ નુ નામ માલીક તરીકે દર્શાવેલ છે. પરંતુ અરજદારની ઉલટમાં સામાવાળા નં.૩ ના ઠેકેદારે અરજદારને નિયુકત કરેલ તેવું અરજદારે જણાવેલ છે, આમ, અરજદાર સામાવાળા નં.૩ ના કર્મચારી ન હતા તેવું પુરવાર થાય છે. પોલીસીમાં પેટા કોન્ટ્રાકટર/એજન્ટ સમાવિષ્ટ થાય છે પરંતુ અરજદાર પેટા કોન્ટ્રાકટરના ઠેકેદારના કર્મચારી હોવાથી વિમા પોલીસીમાં કવર થતા નથી જેથી સામાવાળા નં.૪ નાએ અગાઉ ભરપાઈ કરેલ રકમ પરત આપવા વિનંતી કરેલ છે. આંક ૩૧ અનુસાર સામાવાળા નં.૨ નાએ પોતાના કર્મચારી હોવાનુ દર્શાવી કલેઈમ કરેલ હોવાથી જે તે સમયે કલેઈમ મંજુર કરવામાં આવેલ છે પરંતુ અરજદાર સામાવાળા નં.૨ ના કર્મચારી ન હોવાનુ પુરાવા પરથી જણાઈ આવે છે જેથી સામાવાળા નં.૪ નાએ અગાઉ ભરપાઈ કરેલ રકમ પરત આપવા વિનંતી કરેલ છે. અરજદારનો પગાર રૂા.૧૩,૦૦૦/- હતો તેવું પુરવાર કરતો કોઈ પુરાવો અરજદારે રજુ કરેલ નથી, માલીકે પણ પગાર રૂા.૧૩,૦૦૦/- હતો તેવું જણાવેલ નથી, આમ, અરજદારે ખોટો કેસ કરેલ હોઈ અરજી રદ કરવા તેમજ પેનલ્ટી વિમા કંપની ને અપાવવા હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

<u>મુદા નં.૧ અને ર</u>

(ર૦) અરજદાર દવારા જયારે કર્મચારી વળતર અધિનિયમ હેઠળ અરજી દાખલ કરવામાં આવેલ હોય ત્યારે અરજદારે, અરજદાર અને સામાવાળા વચ્ચે કર્મચારી–માલીકના સંબંધો અસ્તિત્વમાં હતા તેવું પુરવાર કરવાનુ રહે છે, તે સિવાય કર્મચારી સામાવાળા પાસેથી વળતર મેળવવા હકકદાર બની શકે નહી. હાથ પરના કીસ્સામાં અરજદારનુ કથન છે કે તેઓ સામાવાળા નં.૩ ના કર્મચારી હતા અને સામાવાળા નં.૩ અરજદારને પગાર ચુકવતા હતા અને તે રીતે અરજદાર અને સામાવાળા નં.૩ વચ્ચે કર્મચારી–માલીકના સંબંધો અસ્તિત્વમાં હતા. સામાવાળા નં.૧ મુખ્ય માલીક છે, સામાવાળા નં.ર મુખ્ય કોન્ટ્રાકટર છે અને સામાવાળા નં. ૩ પેટા કોન્ટ્રાકટર છે. આ નિવેદનને પડકારતું કોઈ જ નિવેદન સામાવાળા નં.૩ ઘ્વારા કરવામાં આવેલ નથી, ઉલ્ટાનુ, સામાવાળા નં.૩ નાએ જવાબ કે પુરાવો રજુ કરેલ નથી. જયારે સામાવાળા નં.૧ અને ર નાએ આંક ૯ થી જવાબ રજુ કરેલ છે તેમાં સામાવાળા નં.૧ મુખ્ય માલીક હોવાની હકીકત, સામાવાળા નં.ર રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર હોવાની હકીકત સ્વિકારેલ છે, વિશેષમાં એવું નિવેદન પણ કરેલ છે કે સામાવાળા નં.ર કોઈ પણ પેટા–કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપે તો પણ સામાવાળા નં.૧ અને ર નાએ સામાવાળા નં.૪ પાસે વિમો ઉતરાવેલ છે તેથી વિમાકંપની રકમ ચુકવવા જવાબદાર થાય છે. જયારે સામાવાળા નં.૪ તરફે દલીલ કરવામાં આવેલ છે કે પોલીસીમાં પેટા કોન્ટ્રાકટર/એજન્ટ સમાવિષ્ટ છે. વિશેષમાં, સામાવાળા નં.૧ અને ર નાએ આંક ૧ર ની પુરસીસથી એવી જાહેરાત કરેલ છે કે સામાવાળા નં.ર નાએ કરેલ રજુઆત અન્વયે વિમાકંપની ઘ્વારા તા.૧૧/૩/ર૦૧૪ ના રોજ રકમ રૂા.૯૯,૯પર/– જમા કરાવેલ છે. સામાવાળા નં.૪ નાએ આંક ૩૪ થી સરતપાસ સોગંદનામા સ્વરૂપે રજુ કરેલ છે તેમાં જણાવેલ છે કે સામાવાળા નં.ર નાએ મુંબઈ ઓફીસે જે કલેઈમ કરેલ તે મુજબ રકમ રૂા.૯૯,૯પર/– જમા કરાવેલ છે અને તે રકમ

અરજદારે ઉપાડી લીધેલ છે. સામાવાળા નં.૪ દ્વારા વગર વાંધાએ જમા કરાવવામાં આવેલ સદરહુ રકમ અરજદારે મેળવી લીધેલ હોવાની હકીકત પણ બીન–તકરારી છે. આમ, પક્ષકારો તરફેના ઉપરોકત નિવેદન, રજુ થયેલ પુરાવો તથા આ કાર્યવાહી દરમ્યાન આ અદાલતના રેકર્ડ પર કરવામાં આવેલ ઉપરોકત મુજબની જાહેરાત લક્ષ્ય પર લેવામાં આવે તો અરજદાર અને સામાવાળા વચ્ચે કર્મચારી–માલીકના સંબંધો અસ્તિત્વમાં હતા અને અરજદારને ચાલુ ફરજ દરમ્યાન, નોકરીના કાળ અને ક્રમ દરમ્યાન થયેલ અકસ્માતમાં ઈજા પહોંચેલ હોવાની હકીકત દર્શાવવામાં અરજદાર સફળ રહેલ હોવાનુ આ અદાલતનુ માનવુ છે. જો કે, દલીલના તબકકે સામાવાળા નં.૪ તરફેના વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે અરજદાર સામાવાળા નં.૩ ના ઠેકેદારે નિયુકત કરેલ કર્મચારી હતા તેવું પુરવાર થતું હોઈ અરજદાર અને સામાવાળા નં.૩ વચ્ચે કર્મચારી–માલીક ના સંબંધ ન હોવાનુ પુરવાર થયેલ છે. પરંતુ આ દલીલ પ્રથમદર્શનીય રીતે જ ટકી શકવાને પાત્ર નથી, સામાવાળા નં. ૪ નાએ આંક ૩૧ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પરથી અરજદાર સામાવાળાના કર્મચારી હોવાનુ જણાઈ આવે છે. આમ, સામાવાળા નં.૪ તરફેની ઉપરોકત દલીલ પક્ષકારોના નિવેદનથી તેમજ રજુ થયેલ પુરાવાથી વિરૂધ્ધની હોઈ માનવાલાયક નથી. ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતાં અરજદાર મુદા નં.૧ અને ર ની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ મુદા નં.૧ અને ર નો જવાબ હકારાત્મક ઠરાવવામાં આવે છે.

<u>મુદા નં.૩</u>

(ર૧) અકસ્માત સમયે અરજદારની ઉંમર ર૪ વર્ષ હતી તેવું અરજદારનુ કથન છે. આ કથનના સમર્થનમાં અરજદારે આંક ૪૪ થી ઓળખપત્રની નકલ રજુ કરેલ છે જેમાં અરજદારની જન્મ તા. ૧૦/૮/૧૯૮૯ દર્શાવેલ છે, આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જયારે સામાવાળા નં.૪ નાએ આંક ૩૧ થી જે કલેઈમ સેટલમેન્ટના આધારો રજુ કરેલ છે તેમાં અરજદારના ચુંટણીકાર્ડની

નકલ રજુ કરવામાં આવેલ છે, જેમાં અરજદારની જન્મ તા.XX/XX/1988 તેવી રીતે દર્શાવેલ છે. આમ, આ અદાલતના રેકર્ડ પર અરજદારની જન્મ તારીખ સબબ બે દસ્તાવેજી આધારો રજુ થયેલ છે તે બન્નેમાં જન્મ તારીખમાં તફાવત છે. આવા સંજોગોમાં સાચી જન્મ તારીખ સબબનો સચોટ અને ચોકકસ પુરાવો રજુ કરવાની જવાબદારી અરજદારની રહે છે પરંતુ અરજદારે આ સબબ કોઈ જ ખુલાસો કરેલ નથી. સાથે સાથે એ પણ હકીકત છે કે અરજદાર એવી હકીકત સાથે ઉપસ્થિત થયેલ છે કે અકસ્માત તારીખે તેમની ઉંમર ર૪ વર્ષ હતી, સામાવાળા નં.૧ અને ર નાએ પણ આંક ૯ ના જવાબમાં અરજદારની ઉંમર ર૪ વર્ષ હોવાનુ સ્વિકારેલ છે. સામાવાળા નં.૪ નાએ આંક ૩૪ થી સરતપાસ રજુ કરેલ છે તેમાં ઉંમર અંગે કોઈ વિવાદ નથી તેવો પુરાવો આપેલ છે તેથી અરજદાર ની અકસ્માત તારીખે ઉંમર ર૪ વર્ષ પુર્ણ થયેલ હોવાનુ માનવાને કારણ રહે છે.

(રર) પક્ષકારો ધ્વારા રજુ કરવામાં આવેલ નિવેદનો તથા પુરાવો વંચાણે લેવામાં આવે તો, પક્ષકારો વચ્ચે મુખ્યત્વે તકરાર અકસ્માત તારીખે અરજદારના પગારની હકીકત સબબ હોવાનુ જણાઈ આવે છે. અરજદારના કથન અને મૌખીક પુરાવા અનુસાર સામાવાળા નં.૩ અરજદારને પગાર પત્રક અને પગાર ચિઠ્ઠીમાં સહી લઈ માસિક રૂા.૧૩,૦૦૦/– પગાર ચુકવતા હતા. જયારે સામાવાળા નં.૧ અને ર ના નિવેદન અનુસાર અરજદારને પગાર માસિક રૂા.૮૦૦૦/– તથા આસપાસ ચુકવવામાં આવતો હતો. આ સબબ સામાવાળા નં.૩ નાએ કોઈ જવાબ કે પુરાવો રજુ કરેલ નથી. સામાવાળા નં.૪ ના નિવેદન અનુસાર અરજદારનો દૈનિક પગાર રૂા.ર૦૦/– હતો. આ સબબ રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો અરજદારે માસિક રૂા.૧૩,૦૦૦/– પગાર હોવાનુ દર્શાવતો કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, ઉલ્ટાનુ, ઉલટ તપાસ માં એવુ સ્વિકારેલ છે કે ''એ વાત ખરી છે કે મારા સોગંદનામામાં સામાવાળા નં.૩ મને માસિક રૂા.૧૩,૦૦૦/– નો પગાર ચુકવતા હોવાનુ જણાવેલ છે, પરંતુ તે બાબતે મે આ કામે આધાર પુરાવો રજુ કરેલ નથી.'' જયારે સામાવાળા નં.૧

અને ૨ નાએ નિ.૧૦/૨ થી નિ.૧૦/૮ સુધી વેતન રજીસ્ટરની એપ્રીલ ૨૦૧૩ થી ઓકટોબર ૨૦૧૩ સુધીની નકલ રજુ કરેલ છે જેમાં અરજદારનુ વેતન દૈનિક રૂા.૨૫૦/– દર્શાવેલ છે અને અરજદારનો હોદો રીગર દર્શાવેલ છે. સામાવાળા નં. ૪ નાએ આંક ૩૧ થી રજુ કરેલ કલેઈમ સેટલમેન્ટના કાગળોમાં અરજદારના વેતન રજીસ્ટરની નકલ રજુ કરેલ છે, જે ફેબ્રુઆરી ૨૦૧૩ ના વેતન રજીસ્ટરની નકલ છે, જેમાં અરજદારનો હોદો રીગર તથા વેતન દૈનિક રૂા.૨૦૦/– દર્શાવેલ છે. વળી, સદરહુ રજીસ્ટરની નકલમાં રીગરના હોદા પર કામગીરી કરતા અન્ય શ્રમયોગીના નામ દર્શાવેલ છે તેમનુ વેતન પણ દૈનિક રૂા.૨૦૦/– દર્શાવેલ છે. સામાવાળા નં.૧ અને ૨ નાએ વેતન રજીસ્ટરની નકલો ની.૧૦/૨થી ૧૦/૮ વાળી રજુ કરેલ છે તે પુરવાર કરેલ નથી, વળી, તે એપ્રીલ–૨૦૧૩ થી ઓકટોબર–૨૦૧૩ ના સમયની, એટલે કે, અકસ્માત તા.૧૯/૨/૨૦૧૩ ના પછીના સમયની છે. જયારે સામાવાળા નં.૪ નાએ આંક ૩૧ ના કાગળો સાથે જે નકલ વેતન રજીસ્ટરની રજુ કરેલ છે તે ફેબ્રુઆરી–૨૦૧૩, એટલે કે, અકસ્માત તારીખના સમયની/અરસાની છે. કર્મચારી વળતર અધિનીયમની જોગવાઈ અનુસાર અકસ્માત તારીખે જે વેતન અરજદાર મેળવતા હોય તે વેતન/પગારની હકીકત ધ્યાને લઈ સામાવાળા વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે. આમ, તે રીતે સામાવાળા નં.૪ નાએ અકસ્માત તારીખે/ અકસ્માતના અરસામાં અરજદારના પગાર/વેતન સબબ જે દસ્તાવેજી પુરાવો આંક ૩૧ ના કાગળો સાથે રજુ કરેલ છે તે દસ્તાવેજી પુરાવો વધુ વિશ્ર્વશનીય અને માનવાલાયક હોવાનુ જણાઈ આવે છે. વળી, સદરહુ દસ્તાવેજી પુરાવો સામા.નં. ૨ નાએ જ સામાવાળા નં.૪ સમક્ષ કલેઈમ સેટલમેન્ટ સમયે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો છે જેથી અરજદારના અકસ્માત તારીખના પગાર સબબ પક્ષકારો ધ્વારા રજુ કરવામાં આવેલ અન્ય મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા કરતા સામાવાળા નં.૪ નાએ રજુ કરેલ સદરહુ દસ્તાવેજી પુરાવો, વધુ વિશ્ર્વશનીય અને માનવાલાયક હોવાનો જણાઈ આવે છે જેથી ઉપરોકત સમગ્ર

ચર્ચા ધ્યાને લેવામાં આવે તો અકસ્માત તારીખે અરજદારનો પગાર/વેતન દૈનિક રૂા.૨૦૦/– હોવાનુ પુરવાર થાય છે.

(૨૩) અરજદાર તરફે એક એવી દલીલ એવી થયેલ છે કે સામાવાળા નં.૩ નાએ અરજદારનો પગાર માસિક રૂા.૧૩,૦૦૦/– હોવાનો ઈન્કાર કરેલ નથી કે તેથી વિરૂધ્ધનો કોઈ પુરાવો આપેલ નથી જેથી અરજદારના કથન અનુસારનો પગાર ધ્યાને લેવો જોઈએ. અરજદાર તરફેની આ દલીલ સાથે આ અદાલત સંમત થતી નથી. અરજદારે સદરહુ પગાર હોવાના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. અરજદારે જાતે એવો પુરાવો આપેલ છે કે પગાર રજીસ્ટરમાં તેમની સહી લઈ પગાર ચુકવવામાં આવતો હતો. આંક ૩૧ થી રજુ કરવામાં આવેલ આધારોમાં પગાર રજીસ્ટરની નકલ રજુ થયેલ છે તેમાં જે સહી છે તે અરજદારની સહી નથી તેવું અરજદાર દર્શાવી શકેલ નથી. માસિક રૂા.૧૩,૦૦૦/– પગાર હોવા સબબનો અરજદારે માત્ર મૌખીક પુરાવો આપેલ છે જયારે સામાવાળા નં.૪ નાએ દસ્તાવેજી પુરાવાથી અકસ્માત તારીખે અરજદારનો પગાર/વેતન દૈનિક રૂા.૨૦૦/– હોવાનુ દર્શાવેલ છે, વળી, સદરહુ વેતન રજીસ્ટરની નકલ સામાવાળા નં.૨ નાએ જ સામાવાળા નં.૪ ને પુરી પાડેલ હોવાનુ જણાઈ આવે છે અને તેથી અકસ્માત તારીખે અરજદારનો દૈનિક પગાર રૂા.૨૦૦/– હોવાનુ પુરવાર થાય છે. સામાવાળા નં.૧–૨ નાએ રજુ કરેલ વેતન રજીસ્ટરની નકલ તેમજ સામાવાળા નં.૪ ધ્વારા આંક ૩૧ ના કાગળો સાથે રજુ કરવામાં આવેલ વેતન રજીસ્ટરની નકલ લક્ષ્ય પર લેવામાં આવે તો અરજદારને દૈનીક કામગીરી ધોરણે પગાર/વેતન ચુકવણી કરવામાં આવતી હોવાનુ જણાઈ આવે છે. જયારે દૈનીક ધોરણે પગાર ચુકવણી કરવામાં આવતી હોય ત્યારે સામાન્ય રીતે મહીનાના ૨૬ દિવસ કામગીરીના ગણતરીમાં લેવાના રહેતા હોય છે અને તે રીતે અકસ્માતની તારીખે / અરસામાં અરજદારનો માસિક પગાર રૂા.૫,૨૦૦/– (૨૦૦ X ૨૬) (પાંચ હજાર બસ્સો) હોવાનુ રજુ થયેલ સમગ્ર પુરાવા પરથી પુરવાર થાય છે જેથી અરજદાર તરફેની ઉપરોકત

દલીલ સાથે આ અદાલત સંમત થતી નથી. વિશેષમાં ચર્ચા કરવામાં આવે તો અકસ્માતની તારીખ નજરે સરકારશ્રીના નોટીફીકેશન અનુસાર કર્મચારી વળતર અધિનિયમ અંતર્ગત વળતરની ગણતરી કરવા માટે વધુમા વધુ માસિક પગાર રૂા.૮,૦૦૦/– ધ્યાને લેવાનો રહે છે જેથી તે હકીકત ધ્યાને લેતાં પણ અરજદાર તરફેની દલીલ કે માસિક રૂા. ૧૩,૦૦૦/– પગાર ધ્યાને લઈ વળતર ચુકવણી કરવાનો હુકમ ફરમાવવામાં આવે તે દલીલ સાથે આ અદાલત સંમત થતી નથી. ઉપરોકત સમગ્ર ચર્ચાના અંતે મુદા નં.૩ નો જવાબ, અકસ્માત તારીખે અરજદારને ૨૪ વર્ષ પુર્ણ થયેલ હોવાનુ તથા માસિક પગાર રૂા.૫,૨૦૦/– (પાંચ હજાર બસ્સો) હોવાનુ પુરવાર થયાનુ ઠરાવવામાં આવે છે.

<u>મુદા નં.૪</u>

(૨૪) અરજદારે આંક ૪૦ થી કાયમી ખોડનુ સર્ટીફીકેટ રજુ કરેલ છે તે મુજબ અરજદારને ૧૬% કાયમી ખોડ રહેવા પામેલ હોવાનુ પુરવાર થાય છે. સામાવાળા પૈકી કોઈ પણ સામાવાળાએ કાયમી ખોડની ટકાવારી સબબ કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. સામાવાળા નં.૧ અને ૨ નાએ આંક ૯ ના જવાબમાં અરજદારની કાયમી ખોડની ટકાવારી ૧૬% ધ્યાને લઈ વળતરની રકમ ગણતરી કરેલ છે. સામાવાળા નં.૪ નાએ આંક ૩૪ થી સરતપાસ રજુ કરેલ છે તેમાં ડીસએબીલીટીની ટકાવારી અંગે કોઈ વિવાદ નથી તેવો મૌખીક પુરાવો આપેલ છે. આમ, અરજદારને સદરહુ અકસ્માતની ઈજાના કારણે ૧૬% કાયમી ખોડ રહેવા પામેલ હોવાનુ પુરવાર થતું હોઈ આ મુદાનો જવાબ તે રીતે ઠરાવવામાં આવે છે.

<u>મુદા નં.૫</u>

(૨૫) કર્મચારી વળતર અધિનિયમની કલમ ૩ અને ૪ ની જોગવાઈ વંચાણે લેતા આ જોગવાઈ સ્વયં સ્પષ્ટ છે કે, જયારે કર્મચારી ફરજ પર હોય અને અકસ્માતમાં કર્મચારીને ઈજા પહોંચે ત્યારે માલીક અરજદારને વળતર ચુકવવા જવાબદાર છે. વળી, આ જોગવાઈ લક્ષ્ય પર લેવામાં આવે તો કલમ–૩ ની જોગવાઈમાં

જે અપવાદો આપેલ છે તે સિવાય માલિક વળતરની રકમ ચુકવવા જવાબદાર ઠરે છે, અહી, 'નો ફોલ્ટ લાયબીલીટી' નો સિધ્ધાંત લાગુ પડે છે, એટલે કે, કર્મચારીને ફરજ દરમ્યાન અકસ્માતમાં ઈજા થયેલ છે તેટલુ જ પુરવાર થવુ આવશ્યક છે, કર્મચારી કસુરવાર હતા કે નહી તે હકીકત લક્ષ્ય પર લેવાની રહેતી નથી, સિવાય કે, કલમ ૩ માં દર્શાવેલ અપવાદ આકર્ષાતા હોય. ઉપરોકત મુદા નં. ૧ અને ૨ ની ચર્ચા લક્ષ્ય પર લેવામાં આવે તો અકસ્માત સમયે અરજદાર સામાવાળા નં.૩ પાસે નોકરી કરતા હતા અને ફરજના કાળ અને ક્રમ દરમ્યાન અકસ્માત થયેલ હોવાનુ પુરવાર થયેલ છે તેમજ તે અકસ્માતમાં અરજદાર ઈજા પહોંચતા ૧૬% કાયમી ખોડ રહેલ હોવાનુ પુરવાર થયેલ છે.

(૨૬) કર્મચારી વળતર અધિનીયમ, ૧૯૨૩ અંતર્ગત વળતર ચુકવવા કોણ જવાબદાર છે? તે સબબની ચર્ચા કરવામાં આવે તો કર્મચારી વળતર અધીનીયમની જોગવાઈ લક્ષ્ય પર લેવામાં આવે તો જયારે કોઈ કર્મચારી તેની ફરજ દરમ્યાન અકસ્માતમાં ઈજા પામે ત્યારે તે કર્મચારીના માલિક સદરહુ કાયદાની જોગવાઈ અનુસાર વળતરની રકમ અરજદારને ચુકવવા જવાબદાર બને છે. આ તબકકે કર્મચારી વળતર અધિનીયમ, ૧૯૨૩ ની કલમ : ૧૨ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે જયારે મુખ્ય માલીક પોતાના વેપાર અથવા ધંધા–વ્યવસાયની કામગીરીનો સામાન્ય રીતે હીસ્સો હોય તેવી કામગીરી માટે (*Ordinarily part of the trade or business of the principal*) તેમજ વેપાર અથવા ધંધા–વ્યવસાયના હેતુસર અન્ય વ્યકિત સાથે સંપુર્ણ કામગીરી માટે અથવા તો અંશત: કામગીરી માટે કોન્ટ્રાકટ કરે ત્યારે મુખ્ય માલીક વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે. હાથ પરના કીસ્સામાં બિન–તકરારી હકીકત એવી છે કે સામાવાળા નં.૨ સામાવાળા નં.૧ ના રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર છે અને સામાવાળા નં.૨ નાએ સામાવાળા નં.૩ ને પેટા–કોન્ટ્રાકટ આપેલો,વળી આ કામગીરી સામાવાળાના વેપાર અથવા ધંધા–વ્યવસાયની કામગીરી

નો સામાન્ય રીતે હીસ્સો હોય તેવી કામગીરી (*Ordinarily part of the trade or business of the principal*) છે. વળી, સામાવાળા નં.૧, ૨ તથા ૪ નાએ વળતરની રકમ ચુકવવાની જવાબદારી ન હોવાનુ કથન કરેલ નથી, ઉલ્ટાનુ, સામાવાળા નં.૪ નાએ વળતરની રકમ રૂા.૯૯,૯૫૨/- જમા કરાવેલ છે. સામા.નં. ૧ અને ૨ નાએ સ્પષ્ટપણે નિવેદન કરેલ છે કે સામાવાળા નં.૨ સામાવાળા નં.૧ ના રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર છે અને સામાવાળા નં.૨ પેટા કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપે તો પણ વિમા કંપની વળતર ચુકવવા જવાબદાર ઠરે છે. સામાવાળા નં.૪ તરફેના વકીલશ્રીએ પણ દલીલ દરમ્યાન પેટા કોન્ટ્રાકટર સમાવિષ્ટ થતા હોવાનુ સ્વિકારેલ છે.

(૨૭) વિશેષમાં, કર્મચારી વળતર અધિનિયમ હેઠળ વિમા પોલીસી લેવી તે માલીક માટે જરૂરી નથી પરંતુ જો વિમા પોલીસી લેવામાં આવેલ હોય તો માલીકને થનાર નુકસાનીની રકમ ભરપાઈ કરવાની જવાબદારી વીમા કંપનીની છે. નિ.૧૦/૧૧ થી રજુ કરવામાં આવેલ પોલીસી સામાવાળા નં.૨ નાએ કર્મચારી વળતર અધિનિયમ અંતર્ગત લીધેલ પોલીસી છે, અકસ્માત તારીખે સદરહુ વિમા પોલીસી અસ્તિત્વમાં હતી તેવું જણાઈ આવે છે. ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અનુસાર અકસ્માત તારીખે અરજદાર અને સામાવાળા નં.૩ વચ્ચે કર્મચારી-માલીકના સંબંધો હતા તેમજ સામાવાળા નં.૧ મુખ્ય માલીક, સામાવાળા નં.૨ મુખ્ય કોન્ટ્રાકટર અને સામાવાળા નં.૩ પેટા કોન્ટ્રાકટર હોવાથી તેમજ સામાવાળા નં.૪ વિમા કંપની હોવાથી તમામ સામાવાળા સંયુકત અને વિભકત રીતે કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ અંતર્ગત અરજદારને વળતરની રકમ ચુકવવા જવાબદાર ઠરે છે તેવા નિર્ણય પર આ અદાલત પહોંચે છે.

(૨૮) મહત્વનો મુદો એ નિર્ણીત કરવાનો રહે છે કે, સામાવાળા કેટલી રકમ વળતર સ્વરૂપે ચુકવવા જવાબદાર બને છે. આ સબબ ચર્ચા કરવામાં આવે તો

મુદા નં.૩ ની ચર્ચા અનુસાર અકસ્માતની તારીખે અરજદારની ઉમર ૨૪ વર્ષ પુર્ણ થયેલ હોવાનુ જણાઈ આવે છે તેમજ અકસ્માતની તારીખે અરજદારનો માસિક પગાર રૂા.૫,૨૦૦/– હોવાનુ જણાઈ આવે છે. વળી, ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અનુસાર આંક ૪૦ ના સર્ટીફીકેટ અનુસાર અરજદારને અકસ્માતથી થયેલ ઈજાના કારણે ૧૬% કાયમી ખોડ રહેવા પામેલ હોવાનુ પુરવાર થયેલ છે. જેથી કર્મચારી વળતર અધિનિયમ ૧૯૨૩ ની કલમ ૪(૧)(સી) ની જોગવાઈ અનુસાર અરજદારના પગારની ૬૦% રકમ ગણતરીમાં લેવાની રહે છે, તે મુજબ રૂા.૫,૨૦૦/– ના ૬૦% રકમ રૂા.૩,૧૨૦/– થાય. શેડયુઅલ ૪ માં આપવામાં આવેલ રીલેવન્ટ ફેકટર : ૨૧૮.૪૭ મુજબ સામાવાળા અરજદારને વળતર સ્વરૂપે કુલ્લ રકમ રૂા.૩,૧૨૦ × ૨૧૮.૪૭ × ૧૬% = રૂા. ૧,૦૯,૦૬૦/–(એક લાખ નવ હજાર સાંઈઠ) સંયુકત અને વિભકત રીતે ચુકવવા જવાબદાર ઠરે છે તેમ આ અદાલતનુ માનવુ છે. આ પૈકી સામાવાળા નં.૪ નાએ વળતર પેટે રકમ રૂા. ૯૯,૯૫૨/– તા.૧૧/૩/૨૦૧૪ ના રોજ જમા કરાવેલ છે તે રકમ બાદ કરવામાં આવે તો સામાવાળા બાકી રહેતી તફાવતની રકમ રૂા.૯,૧૦૮/– (નવ હજાર એકસો આઠ) વળતર સ્વરૂપે ચુકવવા સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરે છે.

(૨૯) હવે વળતરની રકમ ઉપર વ્યાજ ચુકવણી સબબના મુદાની ચર્ચા કરવામાં આવે તો નામદાર શ્રી સુપ્રીમકોર્ટના શાંતિલતા શેઠી અને બીજા વિ. ડીવીઝનલ મેનેજર, ન્યુ ઈન્ડીયા એસ્યોરન્સ કંું. લી. અને બીજા (*2022 ACJ 1233*) નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં એવું સ્થાપિત કરવામાં આવેલ છે કે કર્મચારી વળતર અધીનીયમ, ૧૯૨૩ અંતર્ગત અકસ્માતની તારીખથી રકમ વસુલ થતાં સુધી ૧૨% ના વાર્ષીક સાદા વ્યાજના દરે અરજદાર વ્યાજ મેળવવા હકકદાર બને છે. ઉપરોકત ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત તેમજ કર્મચારી વળતર અધીનીયમ, ૧૯૨૩ ની કલમ ૪–એ(૩)(એ) ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વળતરની રકમ ઉપર દર વર્ષે દર સેકન્ડે ૧૨% ના સાદા

વ્યાજના દરે અથવા તેનાથી વધુ પરંતુ શિડયુલ બેંક જે દરે સેન્ટ્રલ ગર્વમેન્ટના નોટીફીકેશન અનુસાર ધિરાણ કરે તે ધીરાણના દર કરતા વધે નહી તેટલા દરથી સાદું વ્યાજ મેળવવા અરજદાર હકકદાર રહે છે.

(૩૦) કર્મચારી વળતર અધિનીયમની જોગવાઈ અંતર્ગત કાયદાએ માલિક ઉપર વળતરની પુરતી રકમ સમયસર ચુકવવાની જવાબદારી નિર્ધારીત કરેલ છે. કર્મચારી વળતર અધિનિયમ અંતર્ગત વળતરની પુરતી રકમ ચુકવવાની પ્રથમ જવાબદારી માલિકની છે, જો માલીકે વિમા પોલીસી મેળવેલ હોય તો માલિક અને વિમાકંપની વચ્ચે કરારનુ નિર્માણ થાય છે અને જેથી વિમા કંપની માલિકને નુકસાન વળતર ચુકવવા જવાબદારી બને છે પરંતુ તેટલા માત્ર કારણથી માલિક નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં વળતરની પુરી રકમ ચુકવવાની પોતાની જવાબદારીમાંથી છટકી શકતા નથી. નિ.૧૦/૧૧ થી રજુ કરવામાં આવેલ વિમાપોલીસી કર્મચારી વળતર અધિનિયમ અંતર્ગત લેવામાં આવેલ વિમાપોલીસી છે. નામદાર શ્રી સુપ્રિમકોર્ટના ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કં.લી. વિ. હર્ષદભાઈ અમૃતભાઈ મોઢીયા અને બીજા (2006 ACJ 1699) ના ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત કે, કર્મચારી વળતર અધિનિયમ અંતર્ગત વ્યાજ ચુકવણીની જવાબદારી માલિકની રહે છે, વિમાકંપની વ્યાજ ચુકવવા જવાબદાર થતી નથી તે સિધ્ધાંત નજરે સામાવાળા નં.૧ થી ૩ ઉપરોકત વળતરની તફાવતની રકમ પર અકસ્માતની તારીખથી વ્યાજ ચુકવવા જવાબદાર ઠરે છે તેમ આ અદાલતનુ માનવુ છે. જેથી સામાવાળા નં.૧ થી ૩ અકસ્માતની તા.૧૯/૨/૨૦૧૩ થી તફાવતની રકમ વસુલ થતા સુધી વળતરની તફાવતની ઉપરોકત રકમ ઉપર વાર્ષિક ૧૨%ના દરે સાદું વ્યાજ અરજદારને ચુકવવા જવાબદાર ઠરે છે તેમ આ અદાલતનુ માનવુ છે.

(૩૧) કર્મચારી વળતર અધીનીયમ કલમ ૩ ની જોગવાઈ લક્ષ્ય પર લેવામાં આવે તો વળતર ચુકવવાની પ્રથમ જવાબદારી માલિકની બને છે જેથી માલિકે વિમા

પોલીસી લીધેલ હોવાનુ જણાવી પોતાની જવાબદારીમાંથી મુકત થઈ શકતા નથી. હાથ પરના કિસ્સામાં સામાવાળા નં.૧ થી ૩ નાએ નિયત સમયમર્યાદામાં વળતરની પુરેપુરી રકમ જમા કરાવેલ ન હોવાથી પેનલ્ટીની રકમ જમા કરાવવાની જવાબદારી સામાવાળા નં.૧ થી ૩ ની થાય છે તેવું આ અદાલતનુ માનવુ છે. સદરહુ કાયદાની જોગવાઈ અનુસાર વળતરની રકમના ૫૦% થી વધુ નહી તેટલી રકમની પેનલ્ટી ચુકવવાનો હુકમ ફરમાવી શકાય છે. હાથ પરના કિસ્સાની હકીકત તેમજ અકસ્માતની તારીખ લક્ષ્યમાં લેતાં ઉપરોકત વળતરની તફાવતની રકમના ૨૫% રકમ પેનલ્ટી સ્વરૂપે સામાવાળા નં.૧ થી ૩ અરજદારને ચુકવવા જવાબદાર ઠરે છે તેમ આ અદાલતનુ માનવુ છે.

(૩૨) વિશેષમાં કાયદાની જોગવાઈ અનુસાર સામાવાળા સંયુકત અને વિભકત રીતે અરજી ખર્ચની રકમ રૂા.૫,૦૦૦/-(પાંચ હજાર) અરજદારને ચુકવવા જવાબદાર ઠરે છે તેમ આ અદાલતનુ માનવુ છે.

(૩૩) ઉપરોકત તમામ ચર્ચા લક્ષ્ય પર લેતાં મુદા નં.૫ અને ૬ નો જવાબ હકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદા નં.૭ સબબ નીચે મુજબ આખરી હુકમ ન્યાયના હીતમાં ફરમાવવામાં આવે છે.

<u>હુકમ</u>

૧) અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨) અરજદાર તમામ સામાવાળા પાસેથી સંયુકત અને વિભકત રીતે નીચે દર્શાવ્યા મુજબની રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

૨.૧) અરજદારને તેમની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતમાં થયેલ ઈજા બદલ કર્મચારી વળતર અધીનીયમ, ૧૯૨૩ ની જોગવાઈ અનુસાર વળતર સ્વરૂપેની રકમ રૂા.૧૦૯,૦૬૦/-(એક લાખ નવ હજાર સાંઈઠ), જે પૈકી સામાવાળા નં. ૪ નાએ વળતર પેટે રકમ રૂા.૯૯,૯૫૨/-(નવાણુ હજાર નવસો બાવન)

તા.૧૧/૩/૨૦૧૪ ના રોજ જમા કરાવેલ છે તે રકમ બાદ કરતાં બાકી રહેતી તફાવતની રકમ રૂા.૯,૧૦૮/–(નવ હજાર એકસો આઠ)

૨.૨) અરજી ખર્ચની રકમ રૂા. ૫૦૦૦/– (પાંચ હજાર)

૩) અરજદાર સામાવાળા નં.૧ થી ૩ પાસેથી નીચે દર્શાવ્યા મુજબની રકમ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

૩.૧) ઉપરોકત પેરા: ૨.૧ માં દર્શાવેલ વળતરની તફાવતની રકમ ઉપર અકસ્માતની તા.૧૯/૨/૨૦૧૩ થી સદરહુ રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૧૨% ના દરે સાદું વ્યાજ.

૩.૨) ઉપરોકત પેરા: ૨.૧ માં દર્શાવેલ વળતરની તફાવતની રકમ પર ૨૫% લેખે પેનલ્ટી સ્વરૂપે રકમ રૂા.૨,૨૭૭/– (બે હજાર બસ્સો સત્યોતેર).

૪) સામાવાળાને આદેશ કરવામાં આવે છે કે ઉપરોકત હુકમ મુજબની રકમ આ હુકમની તારીખથી દિવસ ૩૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવી.

૫) આ હુકમની જાણ તમામ પક્ષકારોને કરવી.

તા.૨૦/૧/૨૦૨૫
ભાવનગર

(સુશીલ ભગવંતરાય ભટ્ટ **[GJ00857]**)
કમિશ્નર,
કર્મચારી વળતર અધિનીયમ
ભાવનગર